ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ફળોના રાજા કેરીની જામતી મોસમ

## હાફુસ અને કેસર કેરીની આવક વધી : અઠવાડિયા પછી ભાવો હજુ નીચા આવવાની સંભાવના

ગાંધીનગર, તા.૨૫

ઉનાળાની આકરી ગરમીમાં માત્ર એક જ ચીજ એવી છે કે જે તન મનને શાતા આપે છે અને તે છે કેરી અને કેરીનો રસ. જેમ ઉનાળો જામ્યો છે તેમ કેરીની સીઝન પણ જામી છે. જો કે હજુ ભાવ થોડાક ઉંચા છે પરંતુ અઠવાડિયા પછી ભાવો હજુ નીચા આવશે તેવી સંભાવના છે.



ઉનાળો શરૂ થાય એટલે ગુજરાતીઓ કેરીની રાહ જોવા લાગી જાય છે. ગુજરાતમાં ઉત્પાદિત થતી કેસર કેરી અહીં ખુબ ખવાય છે પરંતુ આ વર્ષે કેસર કેરીનું ઉત્પાદન કરતા પ્રદેશો તલાલા અને જુનાગઢ જિલ્લાના અન્ય પ્રદેશોમાં માવઠુ પડતા કેસર કરીના પાકને ખુબ નુકશાન પહોંચ્યું હતું. ૩૦ થી ૪૦ ટકા જેટલો માલ બગડી ગયો હતો. આ વર્ષે બજારોમાં કેસર કેરીનું આગમન મોડું થયું છે. મે ના બીજા પખવાડિયાથી કેસર કેરીનું આગમન શહેરમાં શરૂ થતા હવે કેરીની સિઝન પુરબહારમાં ખીલી હોય તેવું લાગી રહ્યું છે. કેરીના રસિયાઓ તેનો સ્વાદ મન ભરીને માણી શકે તે પ્રમાણમાં હાલમાં કેરી આવી રહી છે. બજારોમાં આજકાલ કાચી-પાકી કેસર કેરીના બોક્ષ ભરેલી ટ્રકો માર્ગોની આસપાસ ઉભી રહે છે અને વેપારીઓ આખે આખા બોક્ષનું વેચાણ કરતા નજરે પડી રહ્યા છે. હાલમાં ૧૦ કિલો કેસર કેરીના બોક્ષનો ભાવ ૫૦૦ થી ૬૦૦ રૂ. ચાલી રહ્યો છે. જ્યારે હાફુસનો ભાવ ૨ કિલોની પેટીના ૨૦૦થી ૩૦૦ રૂ. ચાલી રહ્યો છે. છુટકમાં કેસરનો ભાવ ૭૦ થી ૮૦ રૂ. કિલો અને હાફુસનો ભાવ ૧૦૦ થી ૧૨૦ રૂ. કિલો ચાલી રહ્યો છે. જ્યારે બદામ કેરીનો ભાવ ૩૦ થી ૪૦ રૂ. ચાલી રહ્યો છે. હજુ થોડાક જ દિવસોમાં કચ્છની કેસર કેરીનું બજારોમાં આગમન થશે. તેના રસિયાઓનો પણ આગવો વર્ગ છે. વેપારીઓના જણાવ્યા અનુસાર આગામી અઠવાડિયાથી ભાવોમાં હજુ ઘટાડો થવાની પુરે પુરી સંભાવના છે. ભાવો બોક્ષના ૩૦૦ થી ૪૦૦ રૂ. થશે. કેરીના રસિયાઓ હવે મન ભરીને તેનો સ્વાદ માણી શકશે.

# કેપિટલ સ્ટેશન પર નજીકના ભવિષ્યમાં યાંત્રિકોલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ થશે

## ડીવીઝનલ રેલવે મેનેજર આ અંગે ટૂંક સમયમાં બેઠકનું આયોજન કરી પ્રશ્નોની ચર્ચા હાથ ધરશે

ગાંધીનગર, તા. ૨૬

કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા કેપિટલ સ્ટેશનમાં યાત્રિકોની સુવિધાને નામે મીંડું છે. રેલ્વે સ્ટેશનને નવી ટ્રેનો ફાળવવાને મામલે દર બજેટમાં ઠેંગો દેખાડી દેવાય છે. બીજી તરફ યાત્રિકોને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે અંગેની કામગીરીઓ પણ લાંબા સમયથી અટવાયેલી છે. જો કે હવે નજીકના ભવિષ્યમાં આ સ્થિતિમાં સુધાર આવે તેવી શક્યતાઓ પ્રબળ બની છે. ડીવીઝનલ રેલ્વે મેનેજર આ અંગે ટૂંકમાં બેઠકનું આયોજન કરી પ્રશ્નોની ચર્ચા હાથ ધરશે તેવા સંકેતો પણ મળ્યા છે.



શહેરમાં છેવાડાના વિસ્તારમાં સ્થિત રેલ્વે સ્ટેશનના વિકાસ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલની સ્થિતિએ સ્ટેશન પરથી રોજ ચાર ટ્રેનોની અવર-જવર રહે છે. દિલ્હી, મુંબઈ અને ઈન્દોર સહિતના શહેરો સાથે કેપિટલ સ્ટેશનનું જોડાણ થઈ ગયું છે આમ છતાં યાત્રિકો માટે સંબંધિત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી નથી. સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, કેન્ટીન સહિતની સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. ટ્રેનમાંથી ઉતરતા યાત્રિકોને રીક્ષા સ્ટેન્ડના અભાવે શહેર સુધી પહોંચવા જરૂરી વાહન સુવિધા પણ ઉપલબ્ધ થતી નથી. વધુમાં ૨૮ ટ્રેનોને ગાંધીનગર સ્ટેશન પર ડાયવર્ટ કરવાની વાતનો પણ વર્ષોના અંતે અમલ થતો નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે કેપિટલ સ્ટેશનના પ્રશ્નોને અનુલક્ષી વહીવટી કામગીરી સંભાળતા ડીવીઝનલ રેલ્વે મેનેજર ટૂંકમાં એક બેઠકનું આયોજન કરશે. જેમાં મહામંડળના -તિનિધિઓ પણ જરૂરી સુચનો કરશે. કેપિટલ સ્ટેશનના વિકાસ માટે અગાઉ પાર્લામેન્ટમાં પણ પ્રશ્નો મુકાયા હતા. પરંતુ લાંબા સમય બાદ પણ કોઈ નક્કર આયોજન ન થતા રેલ્વે સ્ટેશનનો વિકાસ કેપિટલના દરજ્જાને છાજે તેવો થઈ શક્યો નથી.

# હિરાબાએ દીકરા નરેન્દ્રનો રાજ્યાભિષેક ટીવીના પડદે નિહાળ્યો

ગાંધીનગર, તા.૨૬

લોકસભાની ચુંટણીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવીને નરેન્દ્ર મોદીએ દિલ્હીના રાષ્ટ્રપતિભવનમાં -ધાનમંત્રી પદના શપથ લીધા હતા. આ તબક્કે દેશ અને દુનિયાના લોકોની નજર મોદીના આ શપથવિધિ સમારોહ તરફ મંડાઈ હતી. ત્યારે -ધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતા હીરાબાએ પણ દીકરા નરેન્દ્રનો રાજ્યાભિષેક ટીવીના પડદે પરિવારજનો સાથે નિહાળ્યો હતો. આ દરમિયાન હીરાબાના ઘરે પણ



મીડિયા કર્મચારીઓની ભીડ જોવા મળી હતી. આ તબક્કે સુરક્ષાને લઈને પણ જરૂરી બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહને અનુલક્ષી માતા હીરાબાને પણ વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું.પરંતુ હિરાબાની તબિયત નાદુરસ્ત હોવાના લીધે તેઓ આ સમારોહમાં હાજરી આપવા દિલ્હી જઈ શક્ય ન હતા. નરેન્દ્ર મોદીએ આજે સાંજે ૬ વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે -ધાન મંત્રી પદના શપથ લીધા હતા ત્યારે દેશ અને દુનિયામાંથી મહાનુભાવોએ હાજરી આપી હતી. સમગ્ર દુનિયાની નજર આ સમારોહ તરફ સ્થિર થઈ હતી. બીજી તરફ મોદીના માતા હીરાબા તેમજ તેમના પરિવારજનોએ સે.૨૨ સ્થિત તેમના નિવાસ્થાને શપથવિધિ સમારોહને ટીવીના પડદે નિહાળ્યો હતો. અને મોદીને વડા-ધાન તરીકે શપથગ્રહણ કરતા જોઈને આશીર્વાદ પણ આપ્યા હતા. આ તબક્કે હિરાબાના નિવાસ્થાને મીડિયા કર્મચારીઓ પણ પહોંચી ગયા હતા.

# અમદાવાદ-મહેસાણા રાજ્ય ધોરીમાર્ગના ટ્રાફિક વ્યવસ્થા જોગ

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદ - સાબરમતી - કલોલ - મહેસાણા રાજ્ય ધોરી માર્ગના આર.ઓ.બી પુલ નીચે સી.સી. રોડ બનાવવાનું કામ ટુંક સમયમાં શરૂ થનાર છે. આ કામ અંતર્ગત કલોલ તરફથી અડાલજઅમદાવાદ જવાના અને અડાલજ, કલોલ, મહેસાણા તરફ જવાના વાહન વ્યવહારને ડાયવર્ટ કરવા અંગેનો હુકમ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જાહેરનામું બહાર પાડીને કર્યો છે.

જાહેરનામામાં જણાવ્યા મુજબ અમદાવાદ સરખેજ તરફથી આવતા વાહનો કલોલ જવા માટે પુલ પહેલા ડાબી બાજુ જવું (હાલની હયાત સ્થિતિ મુજબ જ રસ્તો ચાલુ રહેશે). ગાંધીનગર તરફ જવા માટે પુલ ઉપર થઈ સીધા જવાનું રહેશે. અડાલજસાબરમતીઅમદાવાદ જવા માટે વાહન ચાલકોએ મહારાજા હોટલ પાસેથી જમણી બાજુ જવાનું રહેશે.

તે ઉપરાંત ગાંધીનગર તરફથી આવતા વાહનોએ અમદાવાદ સરખેજ જવા માટે પુલ ઉપર થઈ સીધા જવાનું રહેશે (હાલની હયાત સ્થિતિ મુજબ જ

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેક્ટરોમાં પાણીની બુમરાણ

## ગરમીની સાથે પાણીનો વપરાશ પણ વધ્યો અને ફોર્સ ઘટ્યો : ટાંકી ખાલી થઇ જતા ટેન્કરો બોલાવવાના કોલ વધ્યા : રહીશો પરેશાન

ગાંધીનગર, તા. ૨૬

ગરમીએ અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉનાળો આકરો બન્યો છે. ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર હોવાથી નગરજનો પરસેવે ભીજાઈ રહ્યા છે. આવી અસહ્ય ગરમીમાં સેક્ટરોમાં પાણીની ખેંચ ઉદ્ભવી હોવાની ફરિયાદો ઠવા પામી છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં પાણીની પોકાર વધુ સંભળાય છે. સેક્ટર-૩,૪,અને ૫ માં પણ ફોર્સથી પાણી ન આવતું હોવાની બુમ ઠવા પામી છે. ઉનાળા દરમિયાન તંત્ર દ્વારા રોજ ૫૫ એમ.એલ.ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. આમ છતાં સેક્ટરોમાં પાણી ફોર્સથી ન મળતું હોવાનો આક્રોશ -વર્ત્યો છે.

ગાંધીનગરમાં દાયકા પૂર્વે પાણીનો પ્રશ્નો વધુ ગંભીર અને જટિલ બન્યો હતો. છૂટથી પાણી વાપરવા ટેવાયેલા ગાંધીનગરાઓ પાણીના વપરાશને લઈ વિશેષ જાગૃત ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થતા સરકારી કચેરીઓ સહીત રહેણાંક વિસ્તારમાં પાણીનો બેફામ બગાડ થતો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. બે વર્ષ પૂર્વે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેના અંતે સેક્ટરોમાં પાણીની પાઈપલાઈન અને નવીન ટાંકી બનાવવાનું કામ હાથ ધરાયું હતું. પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સમગ્ર શહેરમાં હાલ સવારે પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. જ્યારે અગાઉના વર્ષોની સાપેક્ષમાં સેકટરોમાં પાણીની સમસ્યા પ્રમાણમાં ઘણી હળવી થઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પરંતુ છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

# માર્ગ-મકાન વિભાગના સચિવપદે પી. એન. જૈન

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારે બે આઈ.એ.એસ. સનદી અધિકારીઓની બઢતીના તથા માર્ગ મકાન વિભાગની સચિવની નિમણૂંકના આદેશો જારી કર્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આ આદેશનુસાર રાહત કમિશનર અને હોદ્દાની રૂએ મહેસૂલ વિભાગના સચિવશ્રી ડી.એન. પાંડેને અગ્ર સચિવ તરીકે બઢતી આપી તે જ સ્થાને યથાવત રાખવામાં આવ્યા છે.

શ્રી રંજિતકુમાર સિંઘને શિક્ષણ વિભાગમાં ઉપસચિવ પદેથી નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે. તદઉપરાંત રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુખ્ય ઈજનેર અને ગુજરાત સરકારના અધિક સચિવ શ્રી પી.એન. જૈનને માર્ગ મકાન વિભાગના સચિવ તરીકે નિયમિત નિમણૂંક આપવામાં આવી છે.

# સ્કુલ યુનિફોર્મ અને અન્ય શૈક્ષણિક સાધનો મોંઘા બન્યા

## નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે જ મધ્યમ વર્ગીય વાલીઓ મોંઘવારીના ભાર તળે દબાયા

ગાંધીનગર, તા.૨૫

ઉનાળાનું વેકેશન હવે થોડાક જ દિવસોમાં પૂર્ણ થશે. વેકેશનમાં બાળકોના હરવા ફરવાની જાતભાતની ડીમાન્ડ પુરી કરીને નવરા થયેલા વાલીઓ આ વર્ષે પણ વાલીઓએ ભાવ વધારાનો બોજ સહન કરવો પડશે.





નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભેથી સ્કુલ યુનિફોર્મ, બેગ, શુઝ, સ્ટેશનરી અને લંચબોક્સ, વોટરબેગ સહિતની ચીજ વસ્તુઓમાં સરેરાશ ૧૦થી ૨૦ટકા ભાવ વધારો જોવા મળી રહ્યો છે. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પુર્વે હાલ વાલીઓ પોતાના બાળકો માટે વિવિધ અભ્યાસ લક્ષી ચીજ વસ્તુઓની ખરીદીમાં વ્યસ્ત બની ગયા છે ત્યારે મોંઘવારીનો માર તેમાં સહન કરવો પડશે.

હવે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે જ બાળકોની શૈક્ષણિક સામગ્રી પર થનારા ભારે ખર્ચની ચિંતા કરી તે અનુસાર બજેટ ગોઠવી રહ્યા છે. વળી દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્કુલ યુનિફોર્મ, સ્કુલ બેગ, પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાધન સામગ્રીમાં ૧૦ થી ૨૦ ટકા જેટલો ભાવ વધારો થતા મધ્યમ વર્ગીય વાલીઓ મોંઘવારીના ભાર તળે દબાઈ રહ્યા છે. વળી બાળકોની અવનવી ડીમાન્ડ પુરી કરવામાં તેઓ તાણ અનુભવી રહ્યા છે.

આગામી માસથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. હાલ વેકેશન પુર્ણતાના આરે છે ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક વર્ષની પૂર્વ તૈયારીઓ કરવામાં વ્યસ્ત બની ગયા છે. સમયની માંગ સાથે દિવસે દિવસે શિક્ષણ મોંઘુ બની રહ્યું છે. ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટની જેમ જ નર્સરીથી જ મોંઘા શિક્ષણનો અનુભવ વાલીઓ કરી રહ્યા છે.

શહેરમાં જુદી જુદી શાળાઓમાં અવનવા કલરફુલ સ્કુલ યુનિફોર્મ જોવા મળી રહ્યા છે. નવા ટ્રેન્ડ પ્રમાણે શહેરની શાળાઓમાં જીન્સ પેન્ટનો યુનિફોર્મનો ટ્રેન્ડ વધી રહ્યો છે તેના પર કલરફુલ ટીશર્ટ અને લાંબા ઝભ્ભાવાળા કુરતાની સ્ટાઈલ પણ જોવા મળી રહી છે.

આજના સમયના વિદ્યાર્થીઓને અનુકૂળ પડે તેવો ડ્રેસ વધારે શાળાઓમાં જોવા મળી રહ્યા છે. મોટા ભાગની ખાનગી શાળાઓમાં શાળાઓના નિયમ મુજબ જે તે વિદ્યાર્થીઓએ યુનિફોર્મ, બુટ-મોજા,

● અનુસંધાન પાન-૭ પર

# ટાઉનહોલના રીનોવેશન પાછળ ૪ કરોડનો ખર્ચ કરાશે

## બેઠક વ્યવસ્થા, ફ્લોરીંગ, સ્ટેજ તેમજ ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૦

કલાકારોને સ્ટેજ પુરૂ પાડતા ટાઉનહોલની હાલત કંગાળ બનતી જાય છે. સાંકડી બેઠક વ્યવસ્થાના લીધે હાલાકી વેઠતા શ્રોતાઓ ગરમીથી પણ અકળાયા છે. આ સ્થિતિને ધ્યાને લઈ ટુંક સમયમાં ટાઉનહોલને નવા રૂપરંગ આપવા રીનોવેશનનું કામ હાથ ધરાશે. ટાઉનહોલના નવીનીકરણ માટે અંદાજો તૈયાર થઈ રહ્યા છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ થશે.

શહેરમાં સે. ૧૭ સ્થિત ટાઉનહોલમાં છેલ્લા કેટલાક સમયથી એ.સી. પ્લાન્ટમાં ખામી સર્જાતા આકરી ગરમીના દિવસોમાં શ્રોતાઓએ ગુંગણામણ અનુભવવી પડે છે. નગરના એકમાત્ર ટાઉનહોલની યોગ્ય જાળવણી ન થતા કલાકારો, શ્રોતાઓ અને આયોજકો માટે કાર્યક્રમનું આયોજન કરવાનુ શિરદર્દ સમાન બન્યું છે. વર્ષ દરમિયાન યોજાતા અનેક કાર્યક્રમોના લીધે મોટાભાગે બુક રહેતા ટાઉનહોલમાં યોગ્ય સુવિધાઓના અભાવે શ્રોતાઓએ દયાજનક સ્થિતિમાં



મુકાવવું પડે છે. સ્ટેજ પણ કંગાળ હાલતમાં હોવાથી સાઉન્ડ અને લાઈટીંગની સમસ્યા ઉદ્ભવી છે. જ્યારે સાંકડી બેઠક વ્યવસ્થા પણ નાગરિકોને અકળામણ આપે છે. જો કે તંત્ર દ્વારા ટાઉનહોલના રીનોવેશન માટે જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ હોવાનુ ધ્યાને આવ્યું છે. નવી બેઠક વ્યવસ્થા ઉભી કરવા ખુરશીના નમૂના પણ પસંદ કરી દેવાયા છે. બેઠક વ્યવસ્થા ઉપરાંત ફ્લોરીંગમાં નવી કાર્પેટ, ઈલેક્ટ્રીફીકેશન તેમજ નવા એ.સી. પ્લાન્ટ સહીતની કામગીરી હાથ ધરવા એલ્ટીમેટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ કામગીરી પાછળ રૂ. ૪ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આ મામલે વિભાગકક્ષાએથી પણ કામગીરીને અનુલક્ષી જરૂરી વહીવટી પ્રક્રીયા ઝડપભેર પૂર્ણ કરી દેવાશે. આગામી દોઢ મહીનામાં કામ શરૂ થઈ જાય તેવી સંભાવના છે.

## સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

### ટચુકડી જાહેરાત

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તકના જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દેવગઢ બારીયા, દાહોદ ખાતે સ્પોર્ટસ હોસ્ટેલ શરુ કરવાની હોઈ આ હોસ્ટેલ ખાતે ડાઈનીંગ ટેબલ વીથ ચેર, મેટલ કપ બોર્ડ (તીજોરીઓ), સ્ટડી ટેબલ, સ્ટડી ચેર, મેટલ કોટ, ગાદલા-ચાદરોના સેટની ખરીદી માટે પધ્ધતિ નિયમો ૧૯૯૭ના ઠરાવ અન્વયે માન્ય 'એ' અને 'બી' ગૃપની સંસ્થાઓ તેમજ કેન્દ્રીય ભંડાર (ભારત સરકાર માન્ય) ગાંધીનગરના અધિકૃત વિક્રેતા પાસેથી તેમજ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ પાસેથી ભાવો દીન-૫ (૩૧-૫-૨૦૧૪ના રોજ સાંજેના ૪.૦૦ કલાક સુધી)માં કુરીયર દ્વારા નીચેના સરનામે મંગાવવામાં આવે છે.

ફર્નિચરની સાઈઝ અને વિગતો વેબસાઈટ www.sycd.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ થશે.

| | |
|---|---|
| સ્થળ : | ડાયરેટર, |
| સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત | ડી.એલ.એસ.એસ. |
| બ્લોક નં. ૧૪/૩ જો માળ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત |
| ડૉ. જીવરાજ મહેતા ભવન | ગાંધીનગર |
| ગાંધીનગર | સંપર્ક : ૯૯૭૮૪૦૮૮૦૪ |
| તારીખ : ૨૬/૫/૨૦૧૪ | ૯૪૨૭૮ ૨૯૦૩૩ |

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્શી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com